ॐ

नमः धातकीविदेहीभावीजिनवराय । नमः परमउपकारीकहानगुरुदेवाय । वन्दे भगवतीमातरम

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ**
**અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઊજવે છે**

# ભવ્યાતિભવ્ય વિશિષ્ટ જન્મજયંતી મહોત્સવ

## પરિપત્ર



**પરમકૃપાળુ પરમ પૂજ્ય સ્વાનુભૂતિમાર્ગ પ્રકાશક સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો**

**૧૨૫ મો**

**તથા**

**તેમના અનન્યભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો**

**૧૦૦ મો**



**જન્મ-મહોત્સવ**

: પ્રકાશક :

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**
સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)
ફોન : (૦૨૮૪૬) ૨૪૪૩૩૪, ૨૪૪૩૫૮



**આપણા પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનાં આપણા મુમુક્ષુ સમાજ ઉપર અમાપ ઉપકારો વર્તે છે જે વિશે કહેવાય તેટલું ઓછું છે જેમ કે :—**

(૧) પૂજ્ય ગુરુદેવશ્રીએ આવા વિષમકાળમાં સ્વયં પૂર્વ સંસ્કારના બળે, વર્તમાનના તીવ્ર પુરુષાર્થથી તથા ભગવત્કુંદકુંદાચાર્યપ્રણીત ગ્રંથાધિરાજ સમયસારાદિના અધ્યયનથી, પોતાના આત્મામાં આત્મસાક્ષાત્કાર-સ્વાનુભૂતિયુક્ત સમ્યગ્દર્શનમય નિજવૈભવને પ્રાપ્ત કર્યો.

(૨) જે સંપ્રદાયમાં પોતે દીક્ષિત થયા હતા તે સંપ્રદાયમાંથી, પોતા માટે અત્યંત કઠણ તથા અન્ય માટે કડક લાગતું એવું પરિવર્તન કરી ભરતક્ષેત્રમાં પ્રવર્તતા જૈનાભાસોથી અલગ મૂળ દિગંબર માર્ગ એક માત્ર સત્ય અને અનુસરવાયોગ્ય છે તે અત્યંત સ્પષ્ટ કર્યું.

(૩) મૂળ દિગંબર આચાર્યો રચિત પરમાગમો તથા આગમોનો સ્વયં આત્મહિતાર્થે ગહન સ્વાધ્યાય કરી તેમના ઉપરનાં પ્રવચનો દ્વારા આત્મપિપાસુ જીવોને તે પરમાગમો અને આગમોનું હાર્દ સમજાવ્યું અને તેનો સ્વાધ્યાય કરવાની મુમુક્ષુઓમાં તીવ્ર રુચિ જાગૃત કરી.

(૪) વર્તમાન યુગમાં ભગવાન મહાવીર અને ભગવત્કુંદકુંદાચાર્યના શાસનનો પોતાના નિજાત્માનુભવ તથા પ્રવચનો દ્વારા પુનરુદ્ધાર કર્યો.

(૫) મુમુક્ષુઓને સાચા વીતરાગીદેવ-શાસ્ત્ર-ગુરુનું સ્વરૂપ સમજાવી, સાધકોના તથા આત્માર્થી મુમુક્ષુઓના અંતરમાં તેમના પ્રત્યે કેવી ભક્તિ વર્તતી હોય છે, તેવું ભક્તિમય જીવન સ્વયં જીવી મુમુક્ષુઓને સાચા વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુનું મહત્વ સમજાવ્યું.

(૬) તેઓશ્રીના ઉપરોક્ત સહજ જીવનના પરિપાકરૂપે ગામેગામ, દેશ-વિદેશમાં નૂતન જિનાલયો સ્થપાયાં.

(૭) તેઓશ્રી દ્વારા સત્‌શાસ્ત્રોનો મર્મ અને સ્વાધ્યાયની પ્રણાલિકા ઉજાગર કરતાં લાખોની સંખ્યામાં શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ સોનગઢ, દ્વારા સત્શાસ્ત્રો છપાયાં, છપાય છે અને મુમુક્ષુઓને અત્યંત અલ્પ કિંમતમાં પહોંચાડવામાં આવ્યાં.

(૮) તેઓશ્રીએ પોતાના જીવનમાં ત્રણ વાર સમગ્ર ભારતના તીર્થોની યાત્રા કરી મુમુક્ષુઓને તીર્થયાત્રાનું મહત્વ સમજાવ્યું અને તેમના અંતરમાં તીર્થો અને તીર્થયાત્રા પ્રતિ ભક્તિ જાગ્રત કરી.

(૯) તેઓશ્રીએ ભગવત્‌કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય, પદ્મપ્રભ-મલધારિદેવ વગેરે મુનિરાજોને આદર્શ તરીકે ઓળખાવી તેમનું સ્વરૂપ પોતાના પ્રવચનોમાં સમજાવ્યું. તેથી ગામેગામના મંદિરોમાં તે મુનિરાજોનાં ભાવવાહી ચિત્રપટો મૂકવામાં આવ્યાં.

(૧૦) પૂજ્ય ગુરુદેવશ્રીએ આપણા પર એ પણ વિશિષ્ટ ઉપકાર કર્યો કે આપણને વર્તમાનમાં પ્રત્યક્ષ જ્ઞાની ધર્માત્મા અને ભાવિના ગણધર એવાં પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો પરિચય કરાવી તેમનો મહિમા પ્રકાશ્યો.

**તે પ્રમાણે પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના પણ આપણા મુમુક્ષુ સમાજ ઉપર ઘણા ઉપકારો પ્રવર્તે છે જેવા કે :—**

(૧) પૂજ્ય ગુરુદેવશ્રીના સદુપદેશથી બાળવયે નિર્વિકલ્પ આત્માનુભૂતિની પ્રાપ્તિ.

(૨) સીમંધર-કુંદકુંદ મધુર મિલન, પૂજ્ય ગુરુદેવશ્રીના ભૂતકાળના તથા ભાવીના ઉત્તમ ભવો ને દર્શાવનારા સાતિશય જાતિસ્મરણજ્ઞાનની પ્રાપ્તિ થઈ.



(૩) પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રભાવનાયોગમાં વિવિધ પ્રકારે અમૂલ્ય યોગદાન આપ્યું.

(૪) આશ્રમમાં રાત્રિસભામાં બહેનોને નિજાત્મકલ્યાણકારી દેશના આપી તથા બાળ બ્રહ્મચારી બહેનોને આશ્રમમાં યોગ્ય માર્ગદર્શન આપી તેમના જીવનનું ઘડતર કર્યું.

(૫) જગત્પૂજ્ય અને જગપ્રસિદ્ધ 'વચનામૃતો'નું મુમુક્ષુઓને દાન

(૬) પૂજ્ય ગુરુદેવશ્રીની અનુપસ્થિતિમાં મુમુક્ષુઓને આત્મસાધના માટે માર્ગદર્શન તથા તત્ત્વચર્ચાઓ દ્વારા, પૂજ્ય ગુરુદેવશ્રીના શાસનનું સંરક્ષણ તથા સંવર્ધન કર્યું તથા પૂજ્ય ગુરુદેવશ્રીની વાણીના હાર્દને પ્રગટ કર્યું.

(૭) જિજ્ઞાસુ જીવોને પ્રત્યક્ષ સત્પુરુષ અને ઉપકારી ગુરુ પ્રત્યે ભક્તિ અને અર્પણતા કેવી હોય તે અંગે પોતાના ભક્તિમય જીવન દ્વારા સંદેશ આપ્યો.

(૮) પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રતિકૃતિ સ્થાપન દ્વારા મુમુક્ષુઓને પૂજ્ય ગુરુદેવશ્રીની સાક્ષાત ઉપસ્થિતિ હોય તેવો અનુભવ કરાવ્યો.

(૯) ભાવી તીર્થાધિનાથ સૂર્યકીર્તિ ભગવાનની સ્થાપનામાં અનુમોદન આપી ભક્તોને જાણે પૂજ્ય ગુરુદેવશ્રીનો પુનઃ ભેટો કરાવ્યો.

(૧૦) પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૫ વર્ષોના પ્રવચનોના અર્ક સમાન—પૂજ્ય ગુરુદેવશ્રી પ્રરૂપિત—જિનાગમના મુખ્યસિદ્ધાંતોને વણી લેતું "ગુરુદેવશ્રીના વચનામૃત" પુસ્તક મુમુક્ષુઓના લાભાર્થે તૈયાર કરાવ્યું અને સુવર્ણપુરીના નંદીશ્વર જિનાલયમાં આરસના પાટીયા પર કોતરાવ્યું.

ઉપરોક્ત ઉભય મહાત્માઓના ઉપકારોને જે હૃદયંગમ કરે તેને સહેજે તે ધર્માત્માઓનો ૧૨૫મો તથા ૧૦૦મો

જન્મજયંતી મહોત્સવ ઊજવવાનો લાભ લેવાની ભાવના જાગે તે સ્વાભાવિક છે. આ બાબતને ધ્યાનમાં લઈ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ સોનગઢે આ બંને ઉત્સવો સમગ્ર વર્ષ દરમ્યાન અત્યંત ધામધૂમથી સુવર્ણપુરી સોનગઢમાં તથા ગામેગામ વિવિધ પ્રકારના કાર્યક્રમો દ્વારા ઊજવવાનું નક્કી કરી તેની એક યોજના બનાવી છે જેની વિગત નીચે મુજબ છે.

## (૨) યોજનાનો ઉદ્દેશ

(૧) વર્તમાનકાળે સાક્ષાત્ તીર્થંકર કે ગણધરનો યોગ નથી પરંતુ વર્તમાનકાળે આપણા "પુણ્યરાશિ"ને કારણે સાક્ષાત્ ભાવિ તીર્થંકરનું દ્રવ્ય અને સાક્ષાત્ ભાવિ ગણધરના દ્રવ્યનો યોગ થયો છે. ભાવિ તીર્થંકર અને ભાવી ગણધરની ઉપકારવશતા આપણે અનુભવી રહ્યા છીએ. તે ઉપકારવશતાની પરિતૃપ્તિ માટે ભાવી તીર્થંકર અને ભાવિ ગણધરના મહોત્સવ ધામધૂમથી ઉજવાય તેવી ભાવના માટે અને તે ઉપકારો વ્યક્ત કરવા માટે, અધ્યાત્મસાધનાભૂમિ, સોનગઢ ખાતે આ પ્રસંગોની ઉજવણીમાં અનુમોદન વ્યક્ત કરવા માટે, આ યોજના તૈયાર કરી છે જેનો મુમુક્ષુઓ અવશ્ય લાભ લેશે.

(૨) આ યોજનાનો ઉદ્દેશ એવો પણ છે કે જે કુટુંબોને પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીનાં વિશેષ જન્મજયંતી મહોત્સવો ઊજવવાની વ્યક્તિગત ભાવના હોવા છતાં પ્રતિવર્ષ ખર્ચ વધતો જતો હોવાથી ભાવનાઓને સંકુચિત કરવી પડે છે તે કુટુંબો પોતાની ભાવના મર્યાદિત રકમના દાનમાં પૂર્ણ કરી શકે છે. તેથી વધુ કુટુંબો લાભ લઈ શકે તે ઉદ્દેશ ને ધ્યાનમાં રાખી આ આયોજન કરેલ છે.



(૩) કેટલાક કુટુંબો આઠ દિવસના કાર્યક્રમમાં આટલું મોટું યોગદાન દઈ શકે નહી તેમજ "પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રી જન્મજયંતી મહોત્સવ" ઉજવવાની ભાવના હોવા છતાં પૂર્ણ કરી શકતા નથી. તેવા કુટુંબો "ભવ્ય જન્મજયંતી મહોત્સવ ફંડ" અને "ભવ્ય જન્મજયંતી અનુમોદના ફંડ"માં જોડાવાથી પોતાની ભાવનાની પરિતૃપ્તિ કરી શકશે..

આ પ્રકારની ભાવનાને ધ્યાનમાં રાખીને આ યોજના કરવાનું ટ્રસ્ટે નક્કી કરેલ છે.

## (૩) પૂજ્ય ગુરુદેવશ્રીનો ૧૨૫મો જન્મજયંતી મહોત્સવ તથા પૂજ્ય બહેનશ્રીનો ૧૦૦મો જન્મજયંતી મહોત્સવના કાર્યક્રમોની રૂપરેખા

(૧) આ મહોત્સવ શ્રાવણ વદ-૨ વિ.સં. ૨૦૬૯ (ઈ.સ. ૨૦૧૩) થી વૈશાખ સુદ-૨ વિ.સં. ૨૦૭૧ (ઈ.સ. ૨૦૧૫) દરમ્યાન 'શ્રી સમયસાર મહોત્સવ' તરીકે ઉજવાશે. તેમાં સમયસાર શાસ્ત્ર વિષે પ્રશ્નપત્રો બહાર પાડવામાં આવશે, તેમાં ભાગ લેનારને ઈનામો આપવામાં આવશે.

(૨) આ મહોત્સવો આઠ-આઠ દિવસ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીની સાધનાભૂમિ સોનગઢ ખાતે ઉજવાશે.

(૩) આ બંને મહોત્સવોની ઉજવણી "૨૧ માસ" ચાલશે.

(૪) આ મહોત્સવ દરમ્યાન ઉમરાળા તથા વઢવાણ (વર્ધમાનપુરી)ની યાત્રાનું આયોજન વિચારેલ છે.

(૫) આ મહોત્સવ દરમ્યાન "પત્રિકા લેખનવિધિ", ધર્મધ્વજ, મંડળ વિધાન પૂજા, પૂજ્ય ગુરુદેવશ્રીનાં સી.ડી. પ્રવચનો, પૂજ્ય

બહેનશ્રીની તત્ત્વચર્ચાઓ, આત્માર્થી વિદ્વાનોના પ્રવચનો, ધાર્મિક શિક્ષણ વર્ગ, જિનેન્દ્ર ભક્તિ, ગુરુભક્તિ, જિનાલયોનાં દર્શન, રથયાત્રા, સાંસ્કૃતિક કાર્યક્રમો, ક્વીઝ, વક્તૃત્વ સ્પર્ધાઓ, પ્રભાતફેરી વગેરેનાં આયોજન થશે.

(૬) આ ઉત્સવ દરમ્યાન ૧ દિવસથી ૩ દિવસની કુલ ૫૦ શિબિરોનું આયોજન સોનગઢ તેમજ દેશ-વિદેશનાં અન્ય શહેરોમાં કરવામાં આવશે. શિબિરમાં પૂજ્ય ગુરુદેવશ્રી તેમજ પૂજ્ય બહેનશ્રીના વ્યક્તિત્વ પરિચય, પાયાનું જ્ઞાન તેમજ શાસ્ત્રોનો મધ્યવર્તી વિચાર શીખવવામાં આવશે. આ શિબિરો દરમ્યાન સોનગઢથી વિદ્વાનોને મોકલવામાં આવશે, તેઓ જે તે મંદિરોમાં વિધાન પૂજા તથા શિબિરોનું આયોજન કરશે.

નોંધ : આ શિબિરો જે તે મંડળોની લેખિત માંગણી અનુસાર કરવામાં આવશે.

(૭) સૌરાષ્ટ્ર, ગુજરાત તથા અન્ય રાજ્યોમાં પૂજ્ય ગુરુદેવશ્રી સ્થાપિત જિનાલયોની યાત્રાનો કાર્યક્રમ વિચારણા હેઠળ છે.

(૮) સમ્યક્‌ધામ (વાંકાનેર)ની યાત્રાનો કાર્યક્રમ વિચારણા હેઠળ છે.

(૯) દિવાળી દરમ્યાન ખાસ શિબિરોનું આયોજન.

(૧૦) દક્ષિણમાં યાત્રાનું આયોજન વિચારણા હેઠળ છે.

(૧૧) મુખ્ય શહેરોમાં રથયાત્રાનું આયોજન

(૧૨) વિશેષ સાહિત્યપ્રકાશન (મુખ્યપણે પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીને ધ્યાનમાં રાખી)

(૧૩) આત્મધર્મ વિશેષાંક (હિન્દી તથા ગુજરાતી)

(૧૪) સાધનાભૂમિ સોનગઢમાં સ્થાપિત સમવસરણ ત। અન્ય જિનાયતનોનો જરૂરી જિર્ણોદ્ધાર.



(૧૫) પૂજ્ય ગુરુદેવશ્રી તથા બહેનશ્રીના આશીર્વાદથી સ્થપાયેલા જિનમંદિરોને ઇન્ટરનેટથી એક વર્ષ માટે જોડવામાં આવશે તેનો ખર્ચ દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ આપશે.

(૧૬) "કલાવતી-ભવન" તથા "ચાર ટાવર" જેવી આવાસ યોજના સાધારણ મુમુક્ષુ માટે કરવા વિચારણા છે. જેની યોજના અલગ જાહેર કરવામાં આવશે તથા તેનું ફંડ પણ અલગ કરવામાં આવશે.

(૧૭) આર્થિક રીતે મુશ્કેલી અનુભવતા મુમુક્ષુઓના આરોગ્ય માટે તેમજ અન્ય મદદ માટે વિચારણા કરાશે.

(૧૮) પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીના જીવન-ચરિત્ર તેમજ વચનામૃતો, પ્રવચનો તથા પૂજ્ય બહેનશ્રીના જ્ઞાનવૈભવ તથા પત્રોનો વિશેષ પ્રચાર—પ્રસાર કરાશે.

(૧૯) બાળ-શિક્ષણ શિબિરોનું આયોજન કરાશે.

(૨૦) પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીના વ્યક્તિત્વ ઉપરના ગીતો માટે સ્પર્ધા યોજાશે.

(૨૧) પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીના જીવનચરિત્ર ઉપર બાળકો માટે સ્પર્ધા યોજાશે.

(૨૨) ફંડની રકમ વધશે તો પૂર્વે કરેલા ઊભય ધર્માત્માઓના "જન્મજયંતિ મહોત્સવ ધ્રુવફંડ"ના ખાતામાં જશે. તેના વ્યાજમાંથી જન્મજયંતીમાં ખુટતી રકમ વપરાશે. જ્ઞાનીના વચનો અનુસાર આ શાસન પંચમઆરાના અંત સુધી ચાલશે. એમ આપણે ભાવના ભાવીએ છીએ કે ત્યાં સુધી જન્મોત્સવો ઉજવાતા રહેશે.

(૨૩) આઠ દિવસની ઉજવણીના કાર્યક્રમની ઝોન પ્રમાણે વહેંચણી

કરાશે. આમાં સાંજી-ભક્તિ, સાંસ્કૃતિક કાર્યક્રમો જેવા કાર્યક્રમોનો સમાવેશ થશે.

(૨૪) સોનગઢ ખાતે બધી જ શાળામાં બાળકોને મીઠાઈ અને કપડાનું વિતરણ.

(૨૫) સોનગઢ ખાતે ગામમાં બધા જ કુટુંબોને મીઠાઈનું વિતરણ—પેકેટમાં

**(૪) શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ અંતર્ગત સ્વાનુભૂતિપ્રધાન—અધ્યાત્મમાર્ગ પ્રકાશક પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૨૫મા તથા તદ્દભક્ત સ્વાનુભૂતિવિભૂષિત ધર્મરત્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં ૧૦૦મા જન્મજયંતી મહોત્સવ ઉજવણી માટેની યોજના નીચે મુજબ રહેશે.**

(૧) આ આયોજનમાં બે પ્રકારના ફંડ મુખ્ય રહેશે.

(અ) એક ફંડનું નામ "પૂજ્ય ગુરુદેવશ્રી ૧૨૫મો જન્મજયંતી મહોત્સવ ફંડ" તથા
"પૂજ્ય બહેનશ્રી શતાબ્દી જન્મજયંતી મહોત્સવ ફંડ" રહેશે.

(બ) બીજા ફંડનું નામ "પૂજ્ય ગુરુદેવશ્રી ૧૨૫મો જન્મજયંતી મહોત્સવ અનુમોદના ફંડ" તથા
"પૂજ્ય બહેનશ્રી શતાબ્દી જન્મજયંતી મહોત્સવ અનુમોદના ફંડ" રહેશે.

(૨) બન્ને ફંડોનો લાભ કોઈ વ્યક્તિ, કુટુંબ કે સંસ્થા લઈ શકશે.

(૩) "પૂજ્ય ગુરુદેવશ્રી ૧૨૫મો જન્મજયંતી મહોત્સવ ફંડ" તથા



"પૂજ્ય બહેનશ્રી શતાબ્દી જન્મજયંતી મહોત્સવ ફંડ"નો લાભ લેનાર દાતાએ રૂા. ૨,૦૦,૦૦૦/—બે લાખ કે તેથી વધુ રકમ બંને ફંડમાં અલગ-અલગ આપવાની રહેશે.

(૪) "પૂજ્ય ગુરુદેવશ્રી ૧૨૫મો જન્મજયંતી મહોત્સવ અનુમોદના ફંડ" તથા "પૂજ્ય બહેનશ્રી શતાબ્દી જન્મજયંતી મહોત્સવ અનુમોદના ફંડ"નો લાભ લેનાર દાતા રૂા. ૨૧,૦૦૦/- અંકે રૂપિયા એકવીસ હજાર કે તેથી વધુ રકમ અલગ-અલગ ફંડમાં લખાવી શકશે.

**૫. "પૂજ્ય ગુરુદેવશ્રી ૧૨૫મો જન્મજયંતી મહોત્સવ ફંડ" તથા "પૂજ્ય બહેનશ્રી શતાબ્દી જન્મજયંતી મહોત્સવ ફંડ" આપનારને નિમ્ન લાભો મળી શકશે. આ ફંડ લખાવનારને ક્રમ પ્રમાણે લાભો અપાશે.**

(૧) પત્રિકામાં પ્રત્યેક પરિવારનું નામ ક્રમ પ્રમાણે રહેશે.

(૨) પત્રિકા લેખનવિધિનો આ લાભ ફંડ લખાવનારને ક્રમ પ્રમાણે મળશે.

(૩) પત્રિકા લેખન-વિધિના દિવસના ભોજનમાં પ્રત્યેક પરિવારનું નામ જાહેર થશે.

(૪) જન્મજયંતિ મહોત્સવ ઉજવણી દરમ્યાન થતી "મંડલ-વિધાન પૂજા"માં આ ફંડ આપનાર પરિવારના સભ્યોને સ્થાપનાનો લાભ મળશે, તેમની સુવિધા માટે પૂજામાં જે તે કુટુંબના બે સભ્યો માટે સ્થાન આગળ રખાશે.

(૫) જન્મજયંતીના દિવસે "વધાવવાના કાર્યક્રમ"માં પ્રત્યેક પરિવાર ક્રમ પ્રમાણે પ્રથમ વધાવશે.

(૬) આત્મધર્મ અહેવાલમાં આ બંને ફંડ લખાવનાર પરિવારના નામનું લીસ્ટ ક્રમ પ્રમાણે મુકાશે.

(૭) જન્મજંયતી મહોત્સવ ઉજવણી દરમ્યાન આ ફંડ લખાવનારના નામ બોર્ડ પર મુકાશે.

(૮) આ સ્કીમમાં ભાગ લેનાર કુટુંબ કે સંસ્થા તેમજ કુટુંબોના કે સંસ્થાના ગામ-શહેરોમાં શિબિરોનું આયોજન કરાશે તો તે શિબિરનું ઉદ્‌ઘાટન તે ગામના આ સ્કીમના દાતાઓ સંયુક્તપણે કરશે.

(૯) ઉપરોક્ત બધા લાભો માત્ર પૂજ્ય ગુરુદેવશ્રી ૧૨૫માં જન્મજયંતી તથા પૂજ્ય બહેનશ્રી શતાબ્દિ જન્મજયંતી મહોત્સવ વર્ષ દરમ્યાન જ મળશે.

(૧૦) આ ફંડમાં રકમ લખાવનાર દાતાશ્રીઓને ઉજવણીરૂપે એક પ્રતિક ભેટ આપવામાં આવાશે.

## નોંધ

(૧) "પૂજ્ય ગુરુદેવશ્રી ૧૨૫મો જન્મજયંતી મહોત્સવ ફંડ" તથા "પૂજ્ય બહેનશ્રી શતાબ્દી જન્મજયંતી મહોત્સવ ફંડ"માં દાતા જે નામથી ફંડ લખાવે તે નામના કુલ શબ્દો ટ્રસ્ટ જે નક્કી કરે તે પ્રમાણે રહેશે.

(૨) "પૂજ્ય ગુરુદેવશ્રી ૧૨૫મો જન્મજયંતી મહોત્સવ ફંડ" તથા "પૂજ્ય બહેનશ્રી શતાબ્દી જન્મજયંતી મહોત્સવ ફંડ" માટે નવાં બેંક એકાઉન્ટ ખોલાશે, તથા આ ફંડની રકમ તેમાં જમા કરવામાં આવશે.

(૩) આ આયોજનની પ્રસિદ્ધિ "આત્મધર્મ" ગુજરાતી–હિન્દી તેમજ પ્રસંગો દરમ્યાન કરાશે.



(૪) "બન્ને જન્મજયંતી મહોત્સવ ફંડ"ના દાતાને મળતા લાભો બીજાને ટ્રાન્સફર કરી શકાશે નહીં.

(૫) ઉપરોક્ત મહોત્સવોની ઉજવણીમાં કેટલો અને ક્યાં ખર્ચ કરવો તે ટ્રસ્ટ નક્કી કરશે.

(૬) ઉપરોક્ત મહોત્સવ ફંડ માટેના માટેના નીતિ-નિયમ ટ્રસ્ટ નક્કી કરશે. જરૂર જણાશે તો નીતિ-નિયમોમાં ફેરફાર ટ્રસ્ટી કરી શકશે.

## સૂચના :

(૧) આ પરિપત્ર દરેક મંડળની સભામાં વાંચી સંભળાવવા નમ્ર વિનંતી છે.

(૨) પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૨૫મી જન્મજયંતી તથા પૂજ્ય બહેનશ્રીની ૧૦૦મી જન્મજયંતીની ઉજવણી સંબંધી ચર્ચા-વિચારણા કરવા માટે દરેક મંડળના મુમુક્ષુઓની એક સભા પૂજ્ય બહેનશ્રીના ૯૯મા જન્મજયંતી મહોત્સવ સમયે તા. ૦૨-૦૮-૨૦૧૨ના રોજ યોજવામાં આવશે. દરેક મંડળના પદાધિકારીઓને આ સભામાં હાજર રહેવા નમ્ર વિનંતી છે.